ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાકઃ રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૭ /૪/૨૦૧૬

**વંચાણે લીધા** :-

(૧) સા. વ. વિભાગનો તા. ૫-૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૨) સા. વ. વિભાગનો તા.૧૩-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

**આમુખ**

સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૧) અને (૨) સામે દર્શાવેલ તા.૫-૭-૨૦૧૧ના ઠરાવ તથા તા. ૧૩-૧૦-૨૦૧૫ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના હાલ અમલમાં છે. તદ્દનુસાર, મૃત્યુ પામનાર કર્મચારીઓની સેવાનો બાકી રહેતો સમયગાળો ધ્યાનમાં લઈ તે મુજબ ઠરાવેલ ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં વધતી જતી મોંઘવારી સામે રાહત મળે તે ધ્યાનમાં લઈ માનવતાના ધોરણે ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની રકમમાં વધારો કરવાની બાબતે રાજય સરકારના માન્ય કર્મચારી મંડળો દ્વારા કરાયેલ રજુઆતો ધ્યાને લઈ રહેમરાહે યોજના હેઠળ ચૂકવવામાં આવતી ઉચ્ચક નાણાકીય સહાયની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકાર નીચે પ્રમાણે ઠરાવે છે.

**ઠરાવ:-**

(૧) તા. ૧-૪-૨૦૧૬ કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાયની રકમ રૂ. ૮ (આઠ ) લાખ ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૨) સા.વ.વિભાગનાં તા.૫-૭-૨૦૧૧ અને તા. ૧૩-૧૦-૨૦૧૫ના ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ /શરતો યથાવત રહેશે.

(૩) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૯-૩-૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( દેવી પંડયા )
સંયુકત સચિવ(મ),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ. અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
એકાઉન્ટન્ટ જનરલશ્રી , ગુજરાત રાજ્ય ,અમદાવાદ.
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /ગાંધીનગર .
પગાર અને હિસાબી અધિકારીશ્રી , અમદાવાદ /ગાંધીનગર .
નિવાસી ઓડિટ અધિકારીશ્રી , અમદાવાદ /ગાંધીનગર .
ડાયરેકટર જનરલશ્રી ,સરદાર પટેલ લોક પ્રશાશન સંસ્થા, અમદાવાદ.
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ)
સા.વ.વિના સર્વે શાખાઓ/ અધિકારીશ્રીઓ
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા સારું.
વિશિષ્ટ ફાઇલ.

* પત્ર દ્વારા